# એલર્જી સ્પેશ્યાલિસ્ટ

એલર્જીસ્ટ અથવા ઇમ્યુનોલોજિસ્ટ એ પ્રાથમિક ઇમ્યુનોડેફિસિયન્સી ડિસઓર્ડર (રોગપ્રતિરોધક શક્તિની ઊણપથી થતી વ્યાધિઓ) સહિત એલર્જી, અસ્થમા અને ઇમ્યુનોલોજિક ડિસઓર્ડરનું નિદાન, સારવાર અને સંચાલન કરવા માટે ખાસ પ્રશિક્ષિત ચિકિત્સક છે. આ વ્યાધિઓ ખૂબ જ સામાન્યથી લઈને જવલ્લેજ જોવા મળતી બીમારીઓ હોઇ શકે છે, જે તમામ ઉંમરના લોકો તેમજ વિવિધ અંગ પ્રણાલીઓનો સમાવેશ કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે વિજ્ઞાનમાં રૂચિ ધરાવો છો
- બીજાને મદદ કરવી તમને ગમે છે
- તમે કામ કરતી વખતે વિગતો પર ધ્યાન આપો છો

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૨,૦૦૦ થી ૨,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન)

૨. MBBS એમ.બી.બી.એસ.ની ડિગ્રી મેળવો ત્યારબાદ, જનરલ મેડિસિનમાં એમ.ડી.ની ડિગ્રી મેળવો. અથવા

MBBSની ડિગ્રી મેળવો ત્યારબાદ, ઇમ્યુનોહિમેટોલોજી / એલર્જી અને ક્લિનિકલ ઇમ્યુનોલોજી / ટ્રાન્સફ્યુઝન મેડિસિન અથવા કોઈપણ સંબંધિત વિષયમાં એમ.ડી.ની ડિગ્રી મેળવો. ત્યારપછી, ક્લિનિકલ ઇમ્યુનોલોજી અને રૂમેટોલોજી (સંધિવા) અથવા તેના જેવી કોઈપણ શાખામાં ડી.એમ.ની ડિગ્રી મેળવો. **અથવા**

ઇમ્યુનોલોજી / માઇક્રોબાયોલોજી / રસાયણશાસ્ત્ર / જીવવિજ્ઞાનમાં સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો. પછી સમાન અથવા સંબંધિત ક્ષેત્રમાં અનુસ્નાતક અને પી.એચ.ડી. કરો. **અથવા**

ઇમ્યુનોલોજીમાં ડિપ્લોમા પૂર્ણ કરો અને ત્યારબાદ તે જ અથવા સંબંધિત વિષયમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા પૂર્ણ કરો. પ્રવેશ માટે, તમે એમ.બી.બી.એસ. માટે નીટ (નેશનલ એલિજિબિલિટી એન્ટ્રન્સ એક્ઝામ), નીટ-પી.જી. (એમ.બી.બી.એસ. પછી પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ એન્ટ્રન્સ), એમ.ડી. (ડોક્ટરેટ ઑફ મેડિસિન)માં પ્રવેશ માટે આઇ.એન.આઇ. સી.ઈ.ટી. (નેશનલ ઇમ્પોર્ટન્સ કમ્બાઇન્ડ એન્ટ્રન્સ ટેસ્ટ) જેવી પ્રવેશ પરીક્ષાઓ આપી શકો છો.)

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

એલર્જી સ્પેશ્યાલિસ્ટનું અંદાજીત માસિક વેતન
**રૂ. ૧,૭૩,૦૦૦ થી ૩,૩૮,૭૩૦*** જેટલું હોય છે.

સ્રોત: https://www.salaryexpert.com/salary/job/allergist-immunologist/india/

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** સરકારી અને ખાનગી હોસ્પિટલો, મેડિકલ કોલેજો વગેરે.

**ઉદ્યોગ સાહસિકતા:** તમે તમારી પોતાની ખાનગી સેવાઓ શરૂ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ ડેસ્ક જોબ છે. સ્થાનિક મુસાફરી તમારી કામગીરીનો ભાગ નથી. પાર્ટ-ટાઈમ અને કરાર આધારિત નોકરીઓ ઉપલબ્ધ છે. હોસ્પિટલો અને ક્લિનિક્સ સામાન્ય રીતે ૬ થી ૭ દિવસ સુધી કામ કરે છે. તમે અઠવાડિયામાં ૬ દિવસ ૯ થી ૧૦ કલાક કામ કરો તેવી શક્યતા છે. ક્લિનિક મુજબ તેમાં ફેરફાર થઈ શકે છે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

### અપેક્ષિત પ્રગતિ પથ

ઈન્ટર્ન → જુનિયર ડોક્ટર → એલર્જી નિષ્ણાત → વરિષ્ઠ ડોક્ટર (એલર્જી) → વિભાગના વડા → હોસ્પિટલના ડીન

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

એલર્જી સ્પેશ્યાલિસ્ટ, એલર્જીસ્ટ, ઇમ્યુનોલોજિસ્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ઈમ્યુનોલોજી વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. એઈમ્સ, નવી દિલ્હી
૨. જેમ્સ (જી.એમ.ઈ.આર.એસ.) મેડિકલ કૉલેજ, વલસાડ
૩. એઈમ્સ, ઋષિકેશ
૪. જવાહરલાલ ઇન્સ્ટિટ્યુટ ઑફ પોસ્ટગ્રેજ્યુએટ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, પુડુચેરી
૫. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૬. નેશનલ ઇન્સ્ટિટ્યુટ ફોર રિસર્ચ ઇન ટ્યુબરક્યુલોસિસ, ચેન્નાઈ
૭. એસ.યુ.વી. કોલેજ ઓફ સાયન્સ, તિરુપતિ
૮. કોલકાતા મેડિકલ કોલેજ, પશ્ચિમ બંગાળ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. સી. યુ. શાહ મેડિકલ કૉલેજ, સુરેન્દ્રનગર
૨. જૈન યુનિવર્સિટી, બેંગલુરૂ
૩. સ્વામી રામા હિમાલયન યુનિવર્સિટી, દેહરાદૂન
૪. સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, વિસનગર
૫. સ્કૂલ ઓફ એપ્લાઈડ સાયન્સ, સુરેશ જ્ઞાન વિહાર યુનિવર્સિટી, જયપુર
૬. શેર-એ-કાશ્મીર ઇન્સ્ટિટ્યુટ ઑફ મેડિકલ સાયન્સ, શ્રીનગર
૭. બીર ટિકેન્દ્રજીત યુનિવર્સિટી, ઈમ્ફાલ
૮. સવેથા યુનિવર્સિટી, ચેન્નાઈ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઇન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://swayam.gov.in/explorer?searchText=immunology/
- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઇન ટેક્નોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

### સાફલ્ય ગાથા

**ડૉ. સાયબલ મોઈત્રા** કોલકાતા સ્થિત એલર્જીસ્ટ અને ઈમ્યુનોલોજિસ્ટ છે. તેઓ કોલકાતાના એલર્જી અસ્થમા ટ્રીટમેન્ટ સેન્ટરના મેડિકલ ડિરેક્ટર પણ છે. તેમણે દિલ્હીની મૌલાના આઝાદ મેડિકલ કોલેજમાંથી એમ.બી.બી.એસ. કર્યું છે; વલ્લભભાઈ પટેલ ચેસ્ટ ઈન્સ્ટિટ્યૂટ, દિલ્હીમાંથી રેસ્પિરેટરી મેડિસિનમાં એમ.ડી.ની પદવી હાંસલ કરી છે; અને યુનિવર્સિટી ઓફ લંડન ખાતે શ્વસન એલર્જીના ક્ષેત્રમાં અદ્યતન તાલીમ પ્રાપ્ત કરી છે.*

સ્રોત:https://saibalmoitra.com/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.